અપીલ અરજી નં.૩૫ તા.૨૧–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્ર સિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્ર સિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૭–૩–૧૧ની અરજીથી (૧) અમો ધ્વારા તા.૩૧–૧–૧૧ ના રોજ મે.કમિશ્નરશ્રીને રાહુલરાજ ટેક્ષટાઈલ્સ સીટીના ગેરકાયદે બાંધકામ બાબતે ચાર જેટલા ઈસમો વિરૂધ્ધ ફોજદારી કાર્યવાહી કરવા અરજી આપેલ તે અનુસંધાને કમી.શ્રી તથા વીજીલન્સ અને ઈન્સ્પે.ધ્વારા થયેલી કાર્યવાહીની સંપુર્ણ માહિતિ નકલો સહિત (૨) તા.૧૮–૨–૧૧ ના રોજ મે.કમિશ્નરશ્રીને પાંડેસરા પાણી પ્રકરણમાં છ જેટલા ઈસમો વિરૂધ્ધ ફોજદારી કાર્યવાહી કરવા અરજી કરેલ તે અનુસંધાને કમિ.શ્રી તથા હાઈડ્રોલીક વિભાગના અધિકારીઓ ધ્વારા થયેલી કાર્યવાહીની માહિતિ નકલો સહિતની આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૪–૧૧ ની **SMC/FAP/** નં.૩૫/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્ર સિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૭–૩–૧૧ની અરજીથી (૧) અમો ધ્વારા તા.૩૧–૧–૧૧ ના રોજ મે.કમિશ્નરશ્રીને રાહુલરાજ ટેક્ષટાઈલ્સ સીટીના ગેરાયદે બાંધકામ બાબતે ચાર જેટલા ઈસમો વિરૂધ્ધ ફોજદારી કાર્યવાહી કરવા અરજી આપેલ તે અનુસંધાને કમી.શ્રી તથા વીજીલન્સ અને ઈન્સ્પે.ધ્વારા થયેલી કાર્યવાહીની સંપુર્ણ માહિતિ નકલો સહિત (૨) તા.૧૮–૨–૧૧ ના રોજ મે.કમિશ્નરશ્રીને પાંડેસરા પાણી પ્રકરણમાં છ જેટલા ઈસમો વિરૂધ્ધ ફોજદારી કાર્યવાહી કરવા અરજી કરેલ તે અનુસંધાને કમી.શ્રી તથા હાઈડ્રોલીક વિભાગના અધિકારીઓ ધ્વારા તયેલી કાર્યવાહીની માહિતિ નકલો સહિત આપવા બાબતે આપેલ માહિતિઓ ગેરમાર્ગે દોરનારી, પાયાવિહોણી, બે બુનિયાદ તથા ભ્રષ્ટાચાર થી લથપથ આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે અરજદારની અરજીઓ અંગે હાથ ધરાયેલ ન ધરાયેલ કાર્યવાહીની દફતરી વિગતો પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૩ તા.૨૯–૪–૧૧ થી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી , સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન, સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને વીજીલન્સ અધિકારી અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વીઆઈડી/ ૩૨૩ તા.૧૦–૫–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારે તા.૩૧–૧–૧૧ ના રોજ કમિ.શ્રીને કરેલી અરજીની નકલ, કાર્યપાલક ઈજનેર ડ્રેનેજ વિભાગ–૨ તરફથી કલેકટર કચેરીને પાઠવેલ પત્ર નં.ડીડી ૨/પીબી–૧/અરજી લીંબાયતઝોન ખાડી પુરાણ/ફા/વશી/૩૧૩૨ના પત્રની નકલ, વીજીલન્સ વિભાગ તરફથી મધ્યસ્થ શહેર વિકાસને પાઠવેલ પત્ર નં.વીઆઈડી / ૧૭૬૨ તા.૭–૨–૧૧ ના પત્રની નકલ, વીજીલન્સ વિભાગ તરફથી કાર્યપાલક ઈજનેર લીબાંયતઝોનને પાઠવેલ પત્ર નં.વીઆઈડી / ૧૭૬૫ તા.૭–૨–૧૧ અને તા.૨૩–૩–૧૧ ના પત્રની નકલ, નગર નિયોજક શહેર વિકાસ તરફથી વીજીલન્સ વિભાગને પાઠવેલ પત્ર નં.ટીડીઓ/૪૭૬૭ તા.૧૫–૨–૧૧ ના પત્રની નકલ, લીંબાયતઝોન તરફથી વીજીલન્સ વિભાગને પાઠવેલ પત્ર નં.સા.ઈ.ઝોન/આ.નં.૫૧૩ તા.૨૮–૪–૧૧ ના પત્રી નકલ, સેન્ઝટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/જાવક/૧૮૪૮ તા.૧૮–૩–૧૧ થી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન, લીબાંયતઝોન અને હાઈડ્રોલીક તથા વીજલન્સને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારને વીજીલન્સ વિભાગ તરફથી આપવામાં આવેલી માહિતી અંગે પત્ર નં.વીઆઈડી/૧૧૦ તા.૧૩–૪–૧૧ ના પત્રની નકલ, વીજીલન્સ વિભાગ તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વીઆઈડી/૩૦૪ તા.૭–૫–૧૧ ના પત્રની નકલ, વીજીલન્સ વિભાગ તરફથી લીંબાયતઝોનને પાઠવેલ પત્ર નં.વીઆઈડી/૨૫૮ તા.૨–૫–૧૧ ના પત્રની નકલ તથા વીજીલન્સ વિભાગ તરફથી મધ્યસ્થ શહેર વિકાસને પાઠવેલ પત્ર નં.વીઆઈડી/૨૭૮ તા.૪–૫–૧૧ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અન્ય જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૭–૩–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક અને વીજીલન્સ વિભાગને સંબોધતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૮૪૮ તા.૧૮–૩–૧૧ થી

કાર્યપાલક ઈજનેર ઉધનાઝોન, લીબાંયતઝોન અને હાઈડ્રોલીક વિભાગને તથા વીજીલન્સ ઓફિસરને તબદીલ કરવામાં આવેલ. હાઈડ્રોલીક વિભાગ તરફથી પત્ર નં.એચઈડી/આ.નં.૪ તા.૪–૪–૧૧ થી કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને તબદીલ કરવામાં આવેલ. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં. (૧) અમો ધ્વારા તા.૩૧–૧–૧૧ ના રોજ મે.કમિશ્નરશ્રીને રાહુલરાજ ટેક્ષટાઈલ્સ સીટીના ગેરાયદે બાંધકામ બાબતે ચાર જેટલા ઈસમો વિરૂધ્ધ ફોજદારી કાર્યવાહી કરવા અરજી આપેલ તે અનુસંધાને કમિ.શ્રી તથા વીજીલન્સ અને ઈન્સ્પે.ધ્વારા થયેલી કાર્યવાહીની સંપુર્ણ માહિતિ નકલો સહિત. તેવા પ્રશ્ન બાબતે વીજલન્સ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી વીજીલન્સ વિભાગ ધ્વારા પત્ર નં.વીઆઈડી/૧૧૦ તા.૧૩–૪–૧૧ થી મુદ્દા નં.૧ અંગે વીજીલન્સ વિભાગની તપાસ કરતાં મધ્યસ્થ શહેર વિકાસના તા.૭–૨–૧૧ ના પત્રથી મળેલ માહિતી મુજબ ટીપી સ્કીમ નં.૩૩ ફા.પ્લોટ નં.૧૩ વાળી મિલ્કતમાં " રાહુલરાજ ટેક્ષટાઈલ સીટી" ના નામની મિલ્કતના બાંધકામ અંગે નગર રચના અધિકારી ધ્વારા ફાળવવામાં આવેલ ફાયનલ પ્લોટના માપ વિસ્તારમાં સેન્ટ્રલઝોન ટીડીઓ ધ્વારા ટીડીઓ નં.૧૪૯ તા.૨૬–૮–૧૦ થી ટેક્ષટાઈલ માર્કેટના પ્લાનો મંજુર થયેલ છે. મિલ્કતદાર ધ્વારા મંજુર પ્લાન મુજબ ખાડી કિનારાથી માર્જીન છોડીને બાંધકામ ચાલુ કરેલ છે. તથા આંશિક ફેરફાર બાબતે રીવાઈઝડ પ્લાનો મંજુરી અર્થે સેન્ટ્રલ ટીડીઓમાં રજૂ કરેલ છે. વધુમાં સદર ફાયનલ પ્લોટના હદની બહાર બાંધકામ(દબાણ) અને ખાડી પુરાણ અંગેની વિગતો મેળવવાની કાર્યવાહી ચાલુ છે તેવું જણાવેલ છે. (૨) તા.૧૮–૨–૧૧ ના રોજ મે.કમિશ્નરશ્રીને પાંડેસરા પાણી પ્રકરણમાં છ જેટલા ઈસમો વિરૂધ્ધ ફોજદારી કાર્યવાહી કરવા અરજી કરેલ તેના અનુસંધાને કમિ.શ્રી તથા હાઈડ્રોલીક વિભાગના અધિકારીઓ ધ્વારા થયેલી કાર્યવાહીની માહિતિ નકલો સહિત આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/૧૭ તા.૬–૪–૧૧ થી અરજીના મુદ્દા નં.૨ અંગે ઉધનાઝોન ધ્વારા કોઈ પણ પ્રકારની ફોજદારી કાર્યવાહી કરવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક, ઉધના અને લીંબાયત અને વીજીલન્સને પક્ષકાર બનાવી હાઈ ડ્રોલીક વિભાગના પત્ર નં.એચઈડી/આ.નં.૪ તા.૪–૪–૧૧ થી સાઉનઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક./૧૭ તા.૬–૪–૧૧ થી અને વીજીલન્સના પત્ર નં.વીઆઈડી/૧૧૦ તા.૧૩–૪–૧૧ થી નિર્દિષ્ટ સમયમાં મળેલા નિર્ણયથી નારાજ થઈ તા.૨૧–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે કાર્યવાહી ન થવાના કારણો અને બેજબાદાર અધિકારીઓની વિગતો ન આપવાના કારણો જયારે ખાડી પુરાણ ઉપર બાંધકામ થયેલ ગેરરિતી તથા માર્જીન છોડેલ નથી તેના પુરાવાઓ આપેલ છે છતાં ગેરમાર્ગે દોરનારો પાયા વિહોણો બેબુનિયાદ જવાબ ગેરમાર્ગે દોરેલ છે. આમ અરજદારે કૌંભાડ અને ભ્રષ્ટાચાર અંગેના આક્ષેપો કરેલ છે પરંતુ મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં કઈ માહિતી મળેલ નથી તેવી કોઈ પૃચ્છા અપીલમાં કરેલ નથી. અરજદારની મુળ અરજીના મુદ્દા નં.૧ માં વીજીલન્સ વિભાગને કરેલી કાર્યવાહીની વિગતો માંગેલ છે જે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૨ પાંડેસરા પાણી પ્રકરણમાં છ જેટલા ઈસમો વિરૂધ્ધ ફોજદારી કાર્યવાહી કરવાની અરજી કરેલ. જે અંગે ઉધનાઝોન તરફથી તેવી કોઈ ફોજદારી કાર્યવાહી કરવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. આમ અરજદારને મુળ અરજીના પરિપ્રેક્ષ્યની માહિતી લાગત જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૩–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારીઓ તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારે અપીલમાં ફરીયાદ અને તકરાર નિવારણને લગતી રજૂઆત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,

(૧) વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી ,સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઈડ્રોલીક), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન, સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ....જાણ તથા અમલ માટે .

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ,